સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ક્યારેક રેલી તો કદીક રથયાત્રામાં ભમે છે,
દમે સંતોને સાંત્વને, સત્તાનો ભંડારો જમે છે.
ખપે છે અપમાનો તો બને છે મુખ્ય 'મુદ્દો' પણ -
'શ્રીરામ' પણ હવે રાવણોનાં હાથમાં રમે છે!!

હાઈકુ

મળે જો તક,
'સેના' હોય કે 'રામ'
વટાવી નાખે !!
(તકવાદી નેતૃત્વ)

નેતાઓ નહીં -
લડે આપસમાં જ -
હવે સમાજો !!
(ફાટફૂટની નીતિ...)

ચિંતન

સત્યાનુસારિણી લક્ષ્મીઃ કીર્તિસ્ત્યાગાનુસારિણી ।
અભ્યાસસારિણી વિદ્યા બુદ્ધિઃ કર્માનુસારિણી ॥

ઉપરોક્ત શ્લોક 'સુભાષિતરત્નાવલી' માંથી લેવામાં આવેલ છે.

લક્ષ્મી સત્યને અનુસરનારી હોય છે. કીર્તિ ત્યાગને અનુસરતી હોય છે, વિદ્યા અભ્યાસને અનુસરતી હોય છે અને બુદ્ધિ કર્મને અનુસરતી હોય છે.

જ્યાં સત્ય અને નિષ્ઠાનું આચરણ હોય ત્યાં જ સમૃદ્ધિ - લક્ષ્મીનો નિવાસ હોય છે. પાપી આચરણ કરનારાને ત્યાં અલક્ષ્મી આવે છે જે ધનોતપનોત કાઢી નાખે છે.

જે ત્યાગ અને સમર્પણ કરે છે તેમને જ માન - સન્માન - કીર્તિ મળે છે. લોભી ને નહીં.

વિદ્યાર્થી જ વિવેક અને બુદ્ધિની પ્રાપ્તિ થાય છે. સદ્બુદ્ધિ દ્વારા જ સત્કર્મો થાય છે.

સુવિચાર

- તમે જયારે એકલા હો અને પોતાને પસંદ કરતા હશો, તો કયારે પણ એકલતા નથી અનુભવો - **વેન ડાયર**
- તમારાં બાળકો તમને શબ્દોથી નહીં, તમારાં જીવનથી તમને તપાસશે - **શિવખેરા**
- સફળ લોકો બીજાને મદદ કરવા આતુર હોય છે, નિષ્ફળ લોકો ત્યારે પૂછતા હોય છે, 'એમાં મને શું મળશે ?' - **બ્રાયન ટ્રેસી**
- શાંતિ માટે બે વ્યક્તિની જરૂર નથી હોતી, માત્ર એકની જ જરૂર હોય છે, અને એ તો તમે જ હોવા જોઈએ, સમસ્યાની શરુઆત અને અંત ત્યાં જ આવે છે - **બી.કે. શિવાની**
- યોદ્ધો કર્મના વિચારમાં નહીં, કર્મમાં જીવે છે - **સંત રોબિન**
- હળવા થવાનો સૌથી સરળ માર્ગ કશુંક અલગ કરવાનો છે, સંઘર્ષ ત્યારે જ આવે છે જયારે વર્તમાનને નકારાય છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : કેળાના તાજા પાનનો રસ પીવાથી ડાયાબિટીસની તકલીફ લાંબા ગાળે દૂર થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મહર્ષિ યાજ્ઞવલ્ક્ય અને રાજા જનક વચ્ચે ચર્ચા ચાલી. રાજાએ પૂછ્યું, 'મહર્ષિ, આપણે જે જોઈએ છીએ તે કઈ જયોતિથી જોઈએ છીએ ?' મહર્ષિએ કહ્યું, 'આપણે સૂર્યના પ્રકાશને કારણે જોઈ શકીએ છીએ.' જનકરાજા એ વળી પૂછ્યું, 'જયારે સૂર્ય અસ્ત થઈ જાય છે ત્યારે કયા પ્રકાશથી જોઈએ છીએ ? મહર્ષિ બોલ્યા, 'ચંદ્રમાના પ્રકાશમાં.' જનકરાજાએ ફરી સવાલ કર્યો, 'જયારે ચંદ્રમાં નહોય અને રાત અમાસના કાળાં વાદળોથી ભરેલી હોય ત્યારે ? મહર્ષિ એ કહ્યું, 'ત્યારે આપણે શબ્દની જયોતિથી જોઈ શકીએ છીએ. જેમ કે વિશાળ વનમાં ચારે બાજુ અંધારું હોય છે, પથિક માર્ગ ભૂલી ગયો હોય, તે બૂમ પાડે. મને માર્ગ બતાવો. ત્યારે બીજો પથિક કહે છે કે અહીં આવો. હું માર્ગ પર ઊભો છું અને ભૂલો પડેલો પથિક શબ્દોના પ્રકાશથી એ માર્ગ પર પહોંચી જાય છે.' રાજા જનકે પૂછ્યું, 'પરંતુ જયારે શબ્દ પણ ન હોય ત્યારે આપણે કંઈ જયોતિથી જોઈ શકીએ છીએ.' મહર્ષિએ કહ્યું, 'ત્યારે આપણે આત્માની જયોતિથી જોઈ શકીએ છીએ. આત્માના પ્રકાશમાં બધા જ કામ સારા અને સાચા થાય છે.' જનક રાજાને મહર્ષિ યાજ્ઞવલ્ક્યની વાત સમજાઈ ગઈ.

જુબાનબંધીનો નિર્ણય અવકારદાયક

તંત્રીસ્થાનેથી...

પહેલા તબક્કાની ચૂંટણીમાં ઈવીએમ સંદર્ભે ઊભી થયેલી શંકાકુશંકાઓ અને બેલોટથી ચૂંટણી કરાવવાની વિપક્ષની સતત ચાલુ રહેલી માગણીઓ એક કાને સાંભળી બીજા કાનેથી કાઢી દેનાર ચૂંટણીપંચનો સુપ્રીમ કોર્ટે રાજકીય નેતાઓનાં બેફામ ભાષણો બાબતે ઉધડો લીધો ત્યારે ઓચિંતુ જ એ સક્રિય બનીને વડાપ્રધાન કે એમના નિકટ સહયોગી આદિત્યનાથ, બહુજન સમાજ પાર્ટીનાં સર્વેસર્વા માયાવતી, સમાજવાદી પાર્ટીના પ્રખર નેતા આઝમખાન અને મેનકા ગાંધી એના સપાટામાં આવી ગયાં છે. આ નેતાઓ પર બે-બે ત્રણ ત્રણ દિવસ લગી ચૂંટણી પ્રચારબંધી લાદી લઈ ચૂંટણીપંચે એની બંધારણીય તાકાતનો પરચો જરૂર આપી દીધો છે પણ સાથે જ સૌથી વધુ વિવાદાસ્પદ વિધાનો કરનારા બે પ્રતિસ્પર્ધી નેતાઓ નહેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી વિરુદ્ધ હરફ સરખો ઉચ્ચાર્યો નથી. આખરે ચૂંટણીપંચ પણ સરકારી સંસ્થા જ છે. એના કર્તાહર્તાઓની નિમણૂક આખરે તો વડાપ્રધાનની ઈચ્છાનુસાર થતી હોય છે. શેષન જેવા અપવાદરૂપ ચૂંટણી કમિશનરો બહુ જ ઓછા પાકે. ચૂંટણી પ્રચાર કરવા પર પ્રતિબંધની સજા ઘણી આકરી ગણાય. કેટલાક મતવિસ્તારોમાં માંડ એકાદ અઠવાડિયું બચ્યું હોય ત્યાં ત્રણ દિવસની પ્રચારબંધી લગાવીને સ્ટાર પ્રચારકને બ્લોક કરી દેવાથી પાર્ટીના કાર્યક્રમો અટકી પડે, ઉમેદવારોના ભવિષ્ય પર પ્રતિકૂળ અસર પડી શકે, વળી જો આવો પ્રતિબંધ મૂકવો જરૂરી જ લાગે તો તમામ વરિષ્ઠ નેતાઓને પણ એમનાં ઉચ્ચારણો મુજબ યોગ્ય નશ્યત થવી ઘટે. આજકાલ સાત તબક્કાની ચૂંટણીમાં રાત થોડી ને વેશ ઝાઝા જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. વળી નેતાઓ એમની જીભે ચડેલા શબ્દપ્રયોગો વારંવાર રિપીટ કરી તાળીઓ ઉઘરાવવા ટેવાઈ ગયા છે. આમ જોવા જઈએ તો સુપ્રીમ કોર્ટે કોઈ ફરિયાદ કરે એની રાહ પણ શું કામ જોવી જોઈએ ? વડાપ્રધાન છેલ્લાં ૬૦ વર્ષ સુધી કોંગ્રેસ અને એના નેતાઓએ દેશને ચૂસીને હાડપિંજરમાં ફેરવી દીધો હોવાનો આક્ષેપ કરતા ફરે છે - એ મુદ્દે ચૂંટણી પંચ કે સુપ્રીમ કોર્ટ એમને ટપારી શક્યાં હોત. દેશનો જે કંઈ વિકાસ થતો તે મારા જ શાસનકાળમાં થયો છે અને હું જ દેશને સુરક્ષિત રાખવા સક્ષમ છું એવા વિધાનો સામે પણ વાંધો ઉઠાવી શકાયો હોત. એજ રીતે રાહુલ ગાંધી કે એમની પાર્ટીના નેતાઓ જે રીતે ભાજપને અને એના સર્વોચ્ચ નેતાને ઉતારી પાડી રહ્યા છે તે પણ ભદ્ર કે શિષ્ટ રાજનીતિ નથી જ. રાજકારણમાં તો બધું જ ચાલે - જૂઠની માને જૂઠ પરણે એ ન્યાયે ૨૦૧૪ની ચૂંટણી વખતે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને વર્તમાન વડાપ્રધાને દરેક મતદારના ખાતામાં પંદર લાક જમા થઈ જશે - એવી ઉટપટાંગ વાતો કરેલી. કાળાં નાણાં સ્વિસ બેંકોમાંથી લઈ આવવાની ડંફાશ હાંકેલી. અદ્દલ એ જ સ્ટાઈલમાં રાહુલ ગાંધી 'ચોરો' પાસેથી પડાવેલ નાણાં ગરીબોને વહેંચવાની વાતો કરી રહ્યા છે ! આખરે આમાં સૌથી મોટી હાનિ તો લોકશાહીનને જ થાય છે. મતદાતાનએ બેઉપક્ષો ઉલ્લુ બનાવતા ફરે છે એ જયારે સાંસદોનાં ભથ્થાં કે પગાર વધારવા જેવી બાબત આવે ત્યારે રાજીખુશીથી સર્વાનુમતે નિર્ણય કરે છે! અમસ્તાય સામસામે ગર્જનાઓ કરનારા નેતાઓ જયારે સંસદના સેન્ટ્રલ હોલમાં એકબીજાને સામા મળી જાય ત્યારે તો તાળીઓ જ લેતા હોય છે !

રાજકારણનો પર્યાય તકવાદ છે...!

નવાં કલેવર

નટવર હેડાઉ

દેશની વર્તમાન પરિસ્થિતિ જોતાં 'ભારતીય તકવાદી પાર્ટી' નામે એક રાજકીય પક્ષ બનાવવાની જરૂર છે. આમ તો આપણે ત્યાં બધા જ પક્ષો તકવાદી છે. પરંતુ હે જે પક્ષ બને તે સરેઆમ તકવાદના નારા સાથે સત્તારૂઢ થઈ જાય તો ભારતની જનતાને કોઈ પ્રકારનો છળકપટનો ભાવ કે અફસોસ નહીં થાય. તકવાદની ભારતીય રાજકારણમાં હંમેશા બોલબાલા રહી છે. તેથી સાંપ્રત આવશ્યકતાને ધ્યાને લેતાં રાજનેતાઓએ તેનો ખુલ્લારૂપે અપનાવવો જોઈએ. હવે કથની અને કરણીમાં ફરકનું કોઈ મહત્ત્વ રહ્યું નથી. 'કહેવું કંઈ અને કરવું કંઈ' તેના પર કોઈ નિયમ કે દબાણ નથી. જનતાને અસંતોષ તો બસ એટલો જ હોય છે કે તેમની સાથે દગો કેમ કર્યો. દગો સહન કરવા જનતા તૈયાર છે પણ કહીને દગો થાય તે તેમને ગમે. તેથી જો કોઈ વ્યક્તિ અત્યારે તકવાદી પાર્ટી બનાવે તો તેનો સિતારો ચમકી ઉઠે અને તે દેશનો કર્ણધાર બને, કેમ કે સત્ય બોલે તેના પર આપણા દેશની પ્રજા ફીદા છે.

અખિત ભારતીય તકવાદી પાર્ટીનું ઔપચારિક બંધારણ બનાવવાની પણ જરૂર નથી. કેમ કે તકવાદમાં કોઈ પણ પ્રકારના નિયમ-અધિનિયમો બનાવવા નહીં પડે. દેશનું જે બંધારણ છે તેનું પાલન થાય તો ભયો ભયો. તકવાદ આપણી નિયતિ છે. અને સમયની માંગ છે. જે પુરી થઈ જાય તો દેશનું કલ્યાણ થવાનું તેમાં શંકાનું કોઈ કારણ નથી. અત્યાર સુધી લોકો મોટી મોટી વાતો કરે છે અને કામના રામનામ અને દગાબાજી. તકવાદી પાર્ટીને દગાબાજી વારસામાં મળશે અને તેના મૂળભૂત સિદ્ધાંતોમાં હશે તો કોઈ મુશ્કેલી નહીં સર્જીશ.

ભારતીય તકવાદનું ઉદાહરણ વિશ્વના બીજા દેશોમાં જોવા નહીં મળે. ભારતીય રાજકારણમાં જે ઉલટપુલટ થતી રહી છે અને નવો પક્ષ સત્તા પર આવે ત્યારે જનવિશ્વાસ બેઠો છે કે હવે 'મોનોપોલી' ખતમ થશે. અને લોકતંત્ર આવશે. પણ જેને વોટ આપો તે વળી પેલા કરતાં સવાયો નીવડે છે. સત્તારૂઢ થયેલ નવા લોકો પણ એ જ કરે છે. જે આગળવાળા કરતા હતા. પહેલાં વોટ મેળવવા જે પેંતરા જાતિ, ધર્મ, ભાષા, અનામતના નામે થતાં એ જ દિવાસ્વપ્નો બતાવી આ લોકો પણ સત્તા પર આવી ગયા. ધાર્મિક સ્થળોના વિવાદ ઉકેલ્યા નથી તેની પાછળ પણ આપણો તકવાદ જ છે. તેથી તકવાદી પાર્ટીનો ધ્યેય એ હશે કે જે કરો તે કહીને કરો. છળકપટ નો ખેલ ચેતવીને કરો તો તે ભવ્ય લાગશે. ભારતીય તકવાદી પાર્ટીનો એક 'ક્રેઝ' હશે. ચૂંટણીના ઢંઢેરામાં ચોખ્ખું ચોખ્ખું કહી જ દેવાનું તે અમે અમારું ઘર ભરીશું. ભાઈ-ભત્રીજાઓને નોકરી આપીશું, કમિશન ખાઈશું. તમે નહીં માનો પણ આવી સ્પષ્ટતાથી જનતા જરૂર ખુશ થશે. અત્યાર સુધી થયું છે એવું કે લોકો સારી વાતો કરીને ખરાબ કામો કરતા રહ્યા છે. સાચું કહેનાર જનતાનું દિલ જીતી લેશે. જન-કલ્યાણને નામે સ્વકલ્યાણથી જનતામાં નારાજગી આવે છે. જેથી તકવાદી પાર્ટી આ સમસ્યાનો હલ છે. તકવાદનો અર્થ ફકત પોતાના સ્વાર્થ કે લાભ માટે કરવામાં આવતાં કામો ગણાશે. આ વાત જનતાએ પણ સમજી લેવી જોઈએ કે નેતાજી લાખો રૂપિયાના ખર્ચી પોતાનું મોઢું દર્પણ માં જોવા માટે તો કરતાં નથી.

તેથી આ સમય છે કે દેશના તમામ તકવાદીઓએ એકઠા થવું પડશે. તકવાદી ઈચ્છે તો દેશની સત્તા કબજે કરી નવી દિશા અને બગડેલ સ્થિતિને સુધારી શકે તેમ છે. કેમ કે તકવાદીઓ તો આ દેશમાં એક શોધતાં હજારો મળી રહેશે.

હવે રહી વાત ભારતના રાજકારણના અવમુલ્યનની તો ભઈ અવમુલ્યન કયાં નથી થયું? મુલ્યાંકન કરી જૂઓ. જેને તક મળી તે આઝાદી પછી પોતાનું કરતા રહ્યા છે. રાજકારણનો પર્યાય તકવાદ છે. તેથી હું એમ કહું કે તકવાદી પાર્ટી સ્થપાઈ ચૂકી છે તેમાં તમારા સહકાર અને સમર્થનની જરૂર છે તો તમે ઈન્કાર નહીં કરો ને!

કારણ કે આ બધા સત્યની આડમાં જુઠ બોલી રહ્યા છે. પણ હું એકદમ સાચું કહું છું. તમારી સામે દગો થાય તો સામી છાતીએ થવો જોઈએ. જેથી એટલું તો આશ્વાસન રહે છે તમે તકવાદી ને ચૂંટી કાઢ્યા છે. મનમાં ધૈર્ય ધારણ કરવાની ભાવનાત્મક સંવેગો પર લગામ લગાવવાથી રાજનીતિનું સરળીકરણ થઈ જાય છે અને તકવાદને ફળવા ફૂલવાનો મોકો મળે છે. તેથી મિત્રો આવો પક્ષ થાય તે જરૂરી હતું જ, હવે દગો થશે તો તમારી પીઠ પાછળ નહીં થાય. પરંતુ ખુલ્લેઆમ તમારી આંખો સામે થવાનો. બોલો આવો પક્ષ સ્થપાયા તો તમે તેને સમર્થન આપશોને.

આનંદની લાગણી કરતાં વધારે ઝડપથી ઉદાસીની લાગણી પ્રસરી જતી હોય છે

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

મહર્ષિ વેદવ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતમાં એક રસપ્રદ ઘટના વર્ણવેલી છે. પાંડવો અને કૌરવો જેવા રાજકુમારોએ પ્રાપ્ત કરેલી અસ્ત્રવિદ્યાનું તેઓ પ્રદર્શન કરે તે હેતુથી ગુરુદ્રોણે એક મોટા સમારોહનું આયોજન કર્યું. મોટી સંખ્યામાં એકઠા થયેલા નગરજનોની વચ્ચે રાજકુમારોએ પોતાના પરાક્રમો રજૂ કર્યા. એ સમારોહમાં કર્ણએ પણ પોતાના પરાક્રમો રજૂ કર્યા જે જોઈને પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની ગયા. પ્રક્ષકોમાં પોતાની પ્રશંશા અને વાહવાહ સાંભળીને કર્ણએ ગર્વથી અર્જુનને કહ્યું કે;

પાર્થ યતે કૃત વિશેષવદહં તત :

કરિષ્યે પશ્યતાં નૃણા માત્મના વિસ્મયં ગમ :

અર્થાત, હે પાર્થ, તે જે કાર્ય કર્યું છે તેનાથી પણ વિશેષ એવું કાર્ય હું પ્રેક્ષકો સમક્ષ બતાવી શકું એમ છું. તેથી તું તારા કાર્યથી વિસ્મિત થઈશ નહિ.

આમ કહીને અર્જુને જે કઈ પરાક્રમો રજુ કર્યા હતા તે જ પ્રકારના પરાક્રમો કર્ણએ પણ રજુ કરીને બતાવ્યા. કર્ણના આવા પરાક્રમોથી દુર્યોધન ખૂબ જ ખુશ થયા. દુર્યોધને કર્ણની ખૂબ જ પ્રશંશા કરી જે અર્જુનને ન ગમી. અર્જુને કર્ણને કડવા વેણ કહ્યા. કર્ણ અને અર્જુનના સામસામાં વાગ્બાણ ચાલ્યા પછી અર્જુને ગુરુદ્રોણની આજ્ઞા લઈને કર્ણ સામે યુધ્ધ કરવા પોતાના શસ્ત્રો ઉપાડ્યા. આ જોઈને ધૃતરાષ્ટ્રનાં પુત્રો કર્ણની સાથે અને દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને ભીષ્મપિતા અર્જુનની સાથે ઊભા રહી ગયા. અખાડો બે પક્ષમાં વહેચાઈને યુદ્ધભૂમીમાં ફેરવાઇ ગયો. ખેલયુદ્ધ શરૂ થવાની અણી ઉપર હતું ત્યારે કૃપાચાર્યએ હસ્તક્ષેપ કર્યો અને કહ્યું કે અર્જુન કુરુવંશી રાજા પાંડુનો પુત્ર છે. કર્ણને કહ્યું કે તું તારા માતાપિતાનું નામ કહે. તારા કુળનું વૃતાંત જાણ્યા પછી જ પાર્થ નક્કી કરશે કે યુધ્ધ કરવું કે નહિ. (તતો વિદિત્વાં પાર્થસ્ત્વાં પ્રતિયોત્સ્યતી વા ન વા) કૃપાચાર્ય નાં શબ્દો સાંભળીને કર્ણનું મુખ લજ્જાથી નમી ગયું અને કર્ણ ઉદાસ થઈ ગયા.

(આદિપર્વ ૧૨૬.૩૩)

કૃપાચાર્યએ કરેલું કર્ણનું અપમાન દુર્યોધનથી સહન ના થયું. કર્ણની વ્યથા તે ન જોઈ શક્યા. કર્ણના કહ્યા વિના, કર્ણના દ્વારા હાથ લંબાવ્યા વિના, કર્ણનાં નિમત્રણ વિના દુર્યોધને તુરંત જ કર્ણની વહારે ધાઈને કહયું કે "હે આચાર્ય, જો અર્જુન રાજા ના હોય તેવા મનુષ્ય સાથે યુધ્ધ ના કરતો હોય તો હું અત્યારે જ કર્ણને અંગરાજયના રાજા તરીકે ઘોષિત કરું છું" એ જ સમયે દુર્યોધને કર્ણને અંગપ્રદેશના રાજા તરિકે અભિષેક કર્યો.

આ ઘટના પછી દુર્યોધન અને કર્ણ મિત્રો બની ગયા. દુ:ખનાં સમયમાં, આપતિની ઘડીએ, કોઈપણ પ્રકારની અપેક્ષા વિના, માંગ્યા વિના, દુર્યોધને કર્ણને સાથ આપ્યો, મદદ કરી તેથી બંનેનાં સંબધો ગાઢ બની ગયા અને એ મિત્રતા પોતાના મૃત્યુ પર્યત નિભાવી.

કોઈ વ્યકિતને ત્યાં સારો પ્રસંગ હોય, તેની ખુશીમાં, તેના આનંદપર્વમાં તે વ્યકિતના નિમંત્રણ વિના આપણે તેની ખુશીનાં ભાગીદાર ના થઈ શકીએ. કોઈના દુ:ખમાં, મુશ્કેલીમાં સાચુકલા સંબધો હોય તો નિમત્રણની રાહ ના જોવાય. નિમત્રણ માટે તેના શબ્દોની જરૂર નથી હોતી. એ વ્યકિતનાં ચહેરા ઉપરની ઉદાસી, વ્યકિતનો વિષાદ, વ્યકિતની આંખોમાં બાઝેલા અશ્રુબિંદુઓ જ તેનું મૌન નિમત્રણ હોય છે. આપણે વ્યકિતના નિમંત્રણની રાહ જોવામાં રહીએ અને એ વ્યકિતના આંસુઓને સમયસર લૂછી ના શકીએ તો એ આંસુઓ કદાચ કાયમ માટે તેની આંખમાં અને કદાચ આપણી આંખમાં બાઝી જાય એવું બને. એકવાર એ આંસુઓ આંખમાં થીજી જાય પછી તેને લૂછવા મુશ્કેલ જ નહિ અશક્ય બની જાય છે. આપણે એ ઘડી, એ ક્ષણ જો ચૂકી જઈએ તો કદાચ જીવનભરનો વસવસો રહી જાય. અખાડાના ખેલક્ષેત્રમાં કર્ણની ઉદાસી જો દુર્યોધન ના પારખી શક્યા હોત, તેની મદદ ના કરી હોત તો કદાચ કર્ણના આંસુઓ દુર્યોધન ક્યારેય ના લૂછી શક્યા હોત અને કર્ણ અને દુર્યોધન સાચા મિત્ર ક્યારેય ન બની શક્યા હોત.

કોઈ વ્યકિત, સ્નેહી, સંબધી દુ:ખી હોય, મુશ્કેલીમાં હોય, વ્યથિત હોય ત્યારે માંગ્યા વિના આપણે મદદ માટે તેને હાથ લંબાવીએ, સાંત્વના આપવા માટે આપણે આગળ આવીએ ત્યારે કદાચ એવું પણ બને કે આપણી એ ચેષ્ટા કોઈપણ કારણસર એ વ્યકિતને પસંદ ના પડે. આપણી એ ચેષ્ટાથી વ્યક્તિ કદાચ નારાજ થઈ જાય, વ્યકિત આપણાં પ્રત્યે અણગમો વ્યક્ત કરે. એ સમયે કોઈ જ પ્રકારનો દુરાગ્રહ કરવાને બદલે ડહાપણભર્યું એ ગણાય કે આપણે આગળ આવીને તેને મદદ કરવા માટે જ્યાં પહોચ્યા હોઈ એ ત્યાં જ થોભી જઈએ અને તરત જ ત્યાથી પાછા વળી જઈએ. એ સમયે આપણી બધી જ લાગણી ઓ ઉપર કાબૂ રાખીને, આપણાં બધા જ પ્રકારના આગ્રહો છોડી દઈને તે વ્યકિત જે હાલતમાં હોય તે જ હાલતમાં તેને છોડી દઈએ.

કોઈ વ્યકિતની ખુશીની પળોમાં આપણે તેની સાથે રહીએ અને તેની ખુશીના ભાગીદાર બનીએ એવું એ વ્યક્તિ ઈચ્છતી હોય પણ સંજોગવશાત આપણે તેની સાથે ના રહી શકીએ તો કદાચ એ સંબધોમાં કોઈ જ પ્રકારની અડચણ નથી આવતી. વ્યકિતને કદાચ દુ:ખ નથી લાગતું. દુ:ખની પળોમાં જો આપણે તેની સાથે ના રહીએ તો એ સંબધોની વચ્ચે કદાચ એક મોટી ઊંડી ખાઈ પડી શકે છે. વ્યક્તિની દુ:ખની પળોમાં આપણે આપણાં સંજોગો સાથે સમાધાન કરીને પણ શક્ય હોય ત્યાં સુધી વ્યકિતના દુ:ખના ભાગીદાર બનીએ તો જ સંબંધોનો સેતુ વધારે મજબૂત બની શકે.

આનંદની લાગણી કરતાં વધારે ઝડપથી ઉદાસીની લાગણી પ્રસરી જતી હોય છે એમ કોઈના આનંદ અને ખુશીના ભાગીદાર બનીએ તેના કરતાં તેના દુ:ખનાં ભાગીદાર બનીએ ત્યારે એ સંબંધોમાં પણ દિવ્યતાના દર્શન થતાં હોય છે.

થોટ

નટવર આહલપરા

સત્યપાલનવૃત્તિ

'મારા જેવા કરોડોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ.' સત્યને માપવાની માપપટ્ટી કદી ટૂંકી ન બનો.' ઉપરોક્ત સુવિચાર મહાત્મા ગાંધીના છે અને તેનો તાત્પયાર્થ સત્યપાલન વૃત્તિ માટેનો જ છે.

સત્ય એ સંપૂર્ણ છે, પરંતુ અપૂર્ણ મનુષ્યને માટે સત્યને સમર્પણ વગર પ્રાપ્ત કરવું તે પાણી પીધાં વિના તરસ મિટાવવા જેવું છે.

મહાભારતની વિચાર-ધારામાં જણાવાયું છે કે 'સત્ય અને અસત્યનો વિવેક કરવો સહેલો નથી.' સત્યમાં અસત્યનો અને અસત્યનો અને અસત્યમાં સત્યનો આભાસ ઘણી વાર થયા કરે છે. 'સત્ય એ જ જેનાથી જગતનું કલ્યાણ થાય પ્રજાનું પોષણ અને વૃદ્ધિ થાય. જેનાથી મનુષ્યનું સુખ વધે તે જ સત્ય છે.'

'સત્ય એ જ પરમેશ્વર છે' એમ કહીએ છીએ.' તો જે. કૃષ્ણમૂર્તિનો આ વિચાર વાજબી લાગે છે કે, 'માનવજાતિને સત્ય કોઈ શીખવી શકતું નથી. તેથી અનુભૂતિ તેની જાતે જ થાય છે. સત્ય પરોક્ષ છે. તેથી તે અનુભૂતિનો વિષય છે.'

સત્યપાલન વૃત્તિમાં કસોટી થાય છે પણ પછીથી નિર્ભયતા બહુ આવે છે, હવા પ્રત્યક્ષ જોઈ શકાતી નથી. પરંતુ જેમ તેની હાજરીની અનુભૂતિ થાય છે. જેમ હવાનો સ્પર્શ અનુભૂતિનો વિષય છે અને હવા પરોક્ષ છે. તેમ સત્ય પ્રત્યક્ષ અનુભૂતિનો વિષય બને છે.

બધાં અસત્ય બોલે છે તો આપણે કેમ ન બોલવું ? આ કળિયુગનો નહીં માણસની વૃત્તિનો પ્રભાવ છે. પણ સત્યપાલન વૃત્તિથી સ્વસ્થતા, પ્રસન્નતા અને ખુમારી પ્રાપ્ત થાય છે. આજે પણ હરિશ્ચંદ્ર અને તારામતીની કથા એટલી જ પ્રસ્તુત છે જેટલી તે કાળમાં હતી.

હરિશ્ચંદ્રની સત્યપાલન વૃત્તિ કેવી પેરક છે!

ધર્મ અર્થ કામ અને મોક્ષ - હવે વધુ કપરા થઈ ગયા!

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સૂર્ય ઉગે અને લોકો જાગે છે પરંતુ એમાં જાગૃતિ નથી - એ માત્ર ભૌતિક ઔપચારિકતા જ છે. કૂકડાના અવાજથી જ સવાર થતી નથી પણ સૂર્યના કિરણો પ્રગટે તે જોઈને કૂકડો અવાજ કરે છે. મોત તો એક જ વાર જીવનમાં સૌ માટે છે પરંતુ એ પહેલા હજારો વાર માણસ મરી ગયો એવું માની લે છે અથવા મરણ આવી ગયાનો અહેસાસ કરતો હોય છે. ખરી મજા તો જીવનને ઉજવવામાં રહેલી છે. પ્રત્યેક ક્ષણને પામવી સ્વીકારવી અને ઉત્સવ તરીકે દિલથી અનુભવવી એ જીવન છે. સમયના ટૂકડાઓમાં ઈશ્વર છે એના સરવાળાથી ઈશ્વરની અનુભૂતિ થતી હોય છે ! બચપણથી વૃદ્ધાવસ્થાની જીવન સફર ઘણી અનોખી અને અદ્ભૂત હોય છે તેમાં યોગ્ય સમયે વ્યક્તિ જાગૃત થઈ જાય તો જીવનના બધા પુરુષાર્થમાં સફળતા અવશ્ય મળતી રહે છે. ભણવાની ઉંમરમાં મોજમસ્તી, દોસ્તો, મોબાઈલ મીડિયામાં સમય વેડફે પછી કારકિર્દીમાં શૂન્યતા જ બચે છે જે જીવનભર પછી આપત્તિની ભેટ આપી જાય છે. વ્યક્તિ કોણ છે તે કરતાં તે કેવી છે એ મહત્ત્વનું હોય છે.

આધુનિક ઝડપી વિશ્વમાં બધુ સતત બદલાય રહ્યું છે - ફ્લેટના માહોલમાં બાળપણ રૂંધાઈ રહ્યું છે તો વૃદ્ધો જિંદગીના અંતની રાહમાં જીવતા થયા છે જીવનના સાત પાપ સમજી લેવાની ખુબ જરૂર છે. જો તેમાં સુધારણા થાય તો બધા પુરુષાર્થ ફળી શકે.

(૧) કામ વગરનું ધન
(૨) અંતરાત્મા વગરનું સુખ
(૩) માનવ વગરનું વિજ્ઞાન
(૪) ચરિત્ર વગરનું જ્ઞાન
(૫) સિદ્ધાંત વગરની રાજનીતિ
(૬) નૈતિકતા વગરનો વેપાર
(૭) ત્યાગ વગરની પૂજા

જીવન જીવવું એ સહજ છે જે બધા સજીવ માટે સર્વસામાન્ય છે પરંતુ માનવ દેહ મલ્યા પછી જ્ઞાનથી, કર્મથી, ભણવાથી સાચું જીવન જીવવામાં આવે તો ઈશ્વરનો હેતુ પણ બર આવે છે અને માનવ અંતે ધન્ય થઈ દેહ ત્યાગ કરી શકે છે.

બધા પાસે બધી જાણકારી અને જ્ઞાન પહોંચી જ ગયું છે. એટલે કોઈ અજ્ઞાન તો નથી પણ સવાલ એ છે કે જાગેલા ને કોણ જગાડી શકે? જે ધારણ કરણમાં આવે તે ધર્મ કહેવાય છે. આજ બધાએ ભૌતિકવાદને ધારણ કર્યો છે પછી ધર્મની ફળશ્રુતિ શું મળે ? બરકત વિરાણી નો સુંદર શેર સમજવા જેવ છે -

નથી મેળવાતી ખુશી સંપત્તિથી
આ મોજા રડીને કહે છે જગતને
ભીતરમાં જ મોતી ભર્યા છે છતાં યે
સમંદરના ખારા જીવન થઈ ગયા છે.

વધુ કમાઈ લો, વસ્તુ, મહેલો, જમીનો ખરીદી લોની એક મોટી ભૂખ ખૂલી ગઈ છે. અધૂરા અરમાનોને લઈ માનવજાત આખી દોડી રહી છે એટલે હૈયામાં દર્મ જેવું કંઈ નથી સત્વ અને તત્વ ખોઈ ચૂકેલા માણસ પાસેથી સમાજ શું મેળવી શકે? બધાનો ઈશ્વરને એક સવાલ હોય છે જેમ કે

અન્યોના રાજપાટ ને જોઈને
આ ખુદા
પૂછું છું પ્રશ્ન એ કે હું તારો
શું થાઉં છું ?

જલન માતરીના આ શેરમાં ઘણી વાત થઈ છે. ધર્મની જગ્યાએ અર્થની ઉપાધી નાંખી દીધી છે. કારણ સમાજ ગુણ નથી જોતો પણ સંપત્તિ જુએ છે પૈસો પરમેશ્વરથી મોટો બનાવ્યો એટલે જ વિશ્વ કદરૂપું - વિકૃત થઈ રહ્યું છે ! શ્રી અને સરસ્વતી બંને સાથે રહી શકે જો ધર્મ ધારણ કર્યો હોય જેમાં કરુણા, પ્રેમ, સ્નેહ, પરહિત, માનવતા ને દિલમાં રાખ્યા હોય...! સમાજની સુંદરતા ઝાંખી પડી રહી છે હરિશ ઠક્કરના શેરમાં આ અંગે કડવી વાત કહેવાય છે -

પ્રસંગે નોતરું દેવા છતાં કોઈ નથી આવ્યું
સળગતા ઘરને જોવા કેવું આખું ગામ આવ્યું છે !

અભાવ, સ્વભાવ અને પ્રભાવના ત્રિકોણીય પ્રપંચમાં માનવી ખુદને મહત્ત્વ જાણવા ઉત્સુક નથી અને એટલે યોગ્યતા શું એ જાણી શકતો નથી માટે કામના માર્ગે પતન પામી રહ્યો છે. ઘરમાં મળતા સુખને તરછોડી બહારના પ્રપંચો ભર્યા કપટી લોકોની માયાજાળમાં એ બરબાદ થઈ રહ્યો છે. ગૃહસ્થ માટે ઘર એ જ મંદિર હોવા છતાં ત્યાં પ્રેમ નથી એટલે જ આડા-ઊભા-સંબંધોનો વ્યાપ બનતો જાય છે!!

જીવનમાં જીવનસાથી એ ભગવાને આપેલી ભેટ હોય છે જેના પાયામાં ઋણાનુબંધ અને સંચિત કર્મોનું ફળ હોય છે માટે તેને દિલથી સ્વીકૃતિ આપવી જ પડે છતાં લોકો વાસના પૂર્તિ માટે કે અન્ય મલિન હેતુ માટે સુખ શોધવા દોડે છે અને આ આગમાં એ જીવનનું અમૃત ગુમાવી દે છે ! આજના પરિણયમાં નિષ્ફલતાઓ વધતી જાય છે. છૂટાછેડાનું પ્રમાણ વધી રહ્યું છે તો આ બિમાર સમાજની નિશાની છે. પ્રત્યેક વ્યક્તિએ અંદરથી હવે જાગૃત થવું પડે તેમ છે. કામ પુરુષાર્થ માટે ગૃહસ્થાશ્રમને ધન્ય માનવામાં આવે છે. ધર્મ અર્થ એ કામના માર્ગે આટલી બધી વિકૃતિઓ હોય પછી મોક્ષ કઈ રીતે થાય ? મોક્ષ ગતિ થવી બહુ મોટી વાત છે. શ્વાસ બાકી હોય અને બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ ગઈ હોય તો અંત સમયે તેને શ્રદ્ધા મુજબ દેવ-દેવતા યાદ આવે તો મોક્ષ પ્રાપ્તિ થાય. મોક્ષ સુધી પહોંચવા માટે જીવનભર જાગૃત રહેવું પડે છે. આસુરી સંપત્તિ, વાસના, વૈરવૃત્તિ વગેરેથી દૂર જવું જ પડે અને ભગવાનની ઈચ્છામા અતૂટ શ્રદ્ધા રાખવી પડે આટલું જો થાય તો ભવસાગર પાર થઈ જવાય છે. સમય પર સવાર થી ઈચ્છાઓને અંકુશમાં રાખી શ્રદ્ધાથી જીવન જીવવામાં આવે તો કદાચ માનવ પોતાના અસ્તિત્વનો ઉત્સવ જરૂરથી મનાવી શકે છે બાકી હવે ધર્મ અર્થ કામ અને મોક્ષ વધુ કપરા બની ગયા છે ત્યાં જીતવું એ અગ્નિ પરીક્ષા જ છે. મક્કમ મન વિના કર્મ ફળ હંમેશા અશક્ય બની જાય અને સમય જતાં જીવન વેડફાઈ ગયાની વેદના દિલને કોરી ખાય છે માટે જાગૃતિ લાવવી એ આવશ્યક છે.

શેર આસ્વાદ :
રૂહ પર મૈં કા દાગ આ જાતા હૈ
જબ દિલો મેં દિમાગ આ જાતા હૈ.